# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા : ૮/૧૨/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

——————————————————————————————

# ચેમ્બર દ્વારા 'જનરલ અવેરનેસ ઇન બેન્કીંગ' વિશે મહત્વનો વેબિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા આજ રોજ 'જનરલ અવેરનેસ ઇન બેન્કીંગ' વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિષ્ણાંત વકતા તરીકે કોસમોસ બેંકના ગુજરાત રીજીયન મેનેજમેન્ટ કમિટી મેમ્બર શ્રી મુકેશ શાહ અને ધી સુરત પીપલ્સ કો–ઓપરેટીવ બેંકના જનરલ મેનેજર ડો. જતીન નાયક દ્વારા મહત્વનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

એડવોકેટ મુકેશ શાહે નો યોર કસ્ટમર અને કલાયન્ટ વિશે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, દરેક બેંક તેમજ ઇન્સ્યુરન્સ કંપનીએ રિઝર્વ બેંક ઓફ ઇન્ડીયાની ગાઇડલાઇનનું પાલન કરવાનું રહે છે. કે.વાય.સી.ને અમલમાં લાવવાનો હેતુ મની લોન્ડરીંગ, આઇડેન્ટીટી થેફ્ટ, ઇલીગલ ટ્રાન્જેકશન, સસ્પીસીયસ એકટીવિટીઝ અને મોનીટરીંગ ઓફ લાર્જ વેલ્યુ કેશ જેવા ફાયનાન્શીયલ ફ્રોડને રોકવા માટેનો છે. તેમણે ઇન એકટીવ એકાઉન્ટ અને ડોર્મેન્ટને એકટીવ કેવી રીતે કરવું તે અંગે માહિતી આપી હતી. બંને એકાઉન્ટને સ્વીકાર્ય ડોકયુમેન્ટ્સ સબમીટ કરવાથી ચાલુ કરી શકાય છે તેમ જણાવ્યું હતું. તદુપરાંત ખાતેદારોને ધ્યાનમાં રાખવાની બાબતો વિશે સમજણ આપી હતી.

ડો. જતીન નાયકે તા. ૧૩ માર્ચ ૨૦૨૦ના રોજ રિઝર્વ બેંક ઓફ ઇન્ડીયાએ બહાર પાડેલા સકર્યુલર વિશે માહિતી આપી હતી. કોવિડ– ૧૯ સંબંધિત મોરેટોરીયમ, તે અંગેના પ્રોવિઝન અને રિસ્ટ્રકચરીગ ઓફ એકાઉન્ટની વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે જાન્યુઆરી ૨૦૨૧માં શરૂ થતા પોઝીટીવ પે વિશે જાણકારી આપી હતી. તા. ૪ ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ મોરેટોરીયમ પોલિસીની જાહેરાત પ્રમાણે સહકારી બેંકોએ કરવાનું થતું રીસ્ક બેઇઝ ઇન્ટરનલ ઓડીટ વિશે માહિતી આપી તેના સ્ટેચ્યુટરી ઓડીટરની નિમણૂંક હવે પછી આરબીઆઇ કરશે તે અંગે સમજણ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, તા. ૧૪ ડિસેમ્બર ૨૦૨૦થી ૨૪ કલાક માટે આરટીજીએસ શરૂ થાય છે ત્યારે ખાતાઓમાં રાખવાના ફંડ વિશે માહિતી આપી હતી.

આજના વેબિનારમાં ચેમ્બરના ઉપપ્રમુખ આશિષ ગુજરાતીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. જ્યારે વેબિનારનું સંચાલન ચેમ્બરની બેન્કીગ કમિટીના ચેરપર્સન ડો. જયના ભકતાએ કર્યું હતું. કમિટીના કો–ચેરમેન પ્રદીપ શેઠે વકતાઓનો પરિચય આપ્યો હતો. અંતે કમિટીના સભ્ય ચિરાગ ખીમાણીએ સર્વેનો આભાર માની વેબિનારનું સમાપન કર્યું હતું.